## પર્યાવરણ, વન અને કલાઈમેન્ટ ચેન્જ મંત્રાલય

## જાહેરનામું

## નવી દિલ્હી, ૬ સપ્ટેમ્બર, ૨૦૧૮

**G.S.R. ૮૪૪(ચ).** – તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૬ના ભારતના રાજપત્ર, અસાધારણ, ભાગ – ૨, ખંડ ૩, પેટા-ખંડ (૧)માં પર્યાવરણ, વન અને કલાઈમેન્ટ ચેન્જ મંત્રાલયના ૧૬ ડિસેમ્બર, ૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક જી.એસ.આર. ૧૧૫૨(ચ)થી, પ્રાણી પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (૧૯૬૦ ના ૫૯)ની કલમ ૩૮ની પેટા-કલમ (૧) હેઠળ પ્રાણી પ્રત્યે ક્રૂરતા નિવારણ (પાલતુ પશુ દુકાન) નિયમો, ૨૦૧૬નો મુસદ્દો આવશ્યકતા મુજબ પ્રકાશિત કરવામાં આવ્યો હતો ત્યારે, ઉક્ત જાહેરનામાનો સમાવેશ કરતા ભારતના રાજપત્રની નકલ જે તારીખે જાહેર જનતાને ઉપલબ્ધ કરવામાં આવી તે તારીખથી ત્રીસ દિવસના સમયગાળામાં તેનીથી અસર થવાની સંભાવના હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને ૧૬ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ઉપરોક્ત રાજપત્રની નકલો જાહેર જનતા માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

અને જાહેર જનતા તરફથી મળેલા વાંધા અને સૂચનોને કેન્દ્ર સરકાર દ્વારા ધ્યાને લેવામાં આવ્યા હતા;

તેથી, હવે, પ્રાણી પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯) ની કલમ ૩૮ના પેટા કલમ (૧) અને (૨) થી મળેલી સત્તાની રૂએ, કેન્દ્ર સરકાર આથી, નીચેના નિયમો ઘડે છે, એટલે કે-

૧. **ટૂંકું શીર્ષક અને પ્રારંભ:-** (૧) આ નિયમોને પશુઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (પાલતુ પશુ દુકાન) નિયમો, ૨૦૧૮ કહેવામાં આવશે.

(૨) આ નિયમો સત્તાવાર રાજપત્રમાં તેના પ્રકાશનની તારીખથી અમલમાં આવશે.

૨. **વ્યાખ્યાઓ:-** (૧) આ નિયમોમાં સંદર્ભથી અન્યથા જરૂરી ન હોય તો,-

(ક) "અધિનિયમ" એટલે પશુઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (૧૯૬૦ ના ૫૯);

(ખ) "પ્રાણી કલ્યાણ સંગઠન" એટલે બોર્ડ દ્વારા માન્ય પશુ કલ્યાણ સંગઠન;

(ગ) "સંવર્ધક" એટલે સંવર્ધન અને વેચાણ માટે પાલતુ પ્રાણી ધરાવનારી વ્યક્તિ અથવા વ્યક્તિઓનું જૂથ, અને તેમાં આહાર-આવાસ સાથેના શ્વાનગૃહ સંચાલક, મધ્યવર્તી સંચાલક અને વેપારીનો સમાવેશ થાય છે.

(ઘ) "નોંધણી પ્રમાણપત્ર" એટલે આ નિયમોને અધીન આપવામાં આવેલ નોંધણીનું પ્રમાણપત્ર.

(ચ) "ફાર્મ' એટલે પ્રથમ અનુસૂચિમાં સમાવિષ્ટ ફાર્મ.

(છ) "અશક્ત પ્રાણી" એટલે જન્મથી કે જન્મ પછી કોઈ ક્રિયાત્મક કે શારીરિક વિકાર, ખામી કે વિકલાંગતા, અથવા કોઈ ઉણપ ધરાવતું હોય તેવું પ્રાણી.

(જ) "નિરીક્ષક" એટલે રાજ્ય પશુ કલ્યાણ બોર્ડ અથવા પ્રાણી પ્રત્યે ક્રૂરતા નિવારણ માટેની સંસ્થા (SPCA) દ્વારા લિખિતમાં અધિકૃત રાજ્ય સરકારના પશુચિકિત્સક.

પરંતુ પાલતુ પ્રાણી દુકાનદાર અથવા સંવર્ધક કે પાલતુ પ્રાણી દુકાનદાર કે સંવર્ધક સંબંધિત હોય તેવી કોઈ વ્યક્તિ આ નિયમો હેઠળ નિરીક્ષક તરીકે અધિકૃત કરવામા આવશે નહીં.

(ઝ) "સ્થાનિક સત્તાતંત્ર" એટલે નગરપાલિકા સમિતિ, પ્રાણી પ્રત્યે ક્રૂરતા નિવારણ માટેની સંસ્થા (SPCA) અથવા નિર્દિષ્ટ સ્થાનિક વિસ્તારમાં કોઈ બાબતના નિયંત્રણ અને વહીવટથી કાયદા દ્વારા કામચલાઉ નિહિત કરવામાં આવેલા સત્તાધિકારી.

(ટ) "અંગ વિચ્છેદન" એટલે કોઇ પ્રાણીને ઉપચારાત્મક શસ્ત્રક્રિયા સિવાયની કોઈ શસ્ત્રક્રિયા અથવા કાન કાપવો, ટેઈલ ડોકીંગ (પૂછડી કાપવી), ચામડી પર ડામ દેવા કે છાપ ઉપસાવવી અથવા કોઈપણ ખોડખાંપણ સંતાડવા તેને વનસ્પતિથી ઢાંકી દેવી કે તે માટેની શસ્ત્રક્રિયાને અધીન કરવા.

(ઠ) "પાલતુ પ્રાણી"માં કૂતરો, બિલાડી, સસલું, ગિનિ પિગ, હેમ્સ્ટર, ઉંદર અથવા ઉંદર વર્ગના કોળ, પાલતુ પક્ષીઓનો સમાવેશ થાય છે અને અન્ય કોઇ કાયદા, નિયમો કે વિનિયમોથી પ્રતિબંધિત ન હોય તેવા અન્ય પ્રકારના પ્રાણીઓની માલિકી કે વેપાર.;

(ડ) ""પાલતુ પ્રાણી દુકાન" એટલે સાપ્તાહિક કે અન્ય બજારમાંની દુકાન, સ્થળ અથવા પરિસર સહિતની એવી કોઈપણ દુકાન, સ્થળ અથવા પરિસર, જ્યાં પાલતુ પ્રાણીઓને વેચવામાં આવતા હોય કે વેચાણ માટે વસાવવા કે રાખવામાં કે પ્રદર્શિત કરવામાં આવતા હોય કે પાલતુ પ્રાણીઓના વેચાણ કે વેપાર સાથે સંકળાયેલા કોઈપણ છૂટક અથવા જથ્થાબંધ - વ્યવસાય હાથ ધરવામાં આવતો હોય, અને તેમાં એવા ઑનલાઇન પ્લેટફોર્મનો સમાવેશ થાય જેના પર સંદર્ભથી સ્વીકાર્ય હોય તો પાલતુ પ્રાણીઓનું ખરીદ-વેચાણ થતું હોય:

(ઢ) "પાલતુ પ્રાણી દુકાનનો માલિક" એટલે પાલતુ પશુની દુકાન ધરાવતી અથવા તેના પર તેનું નિયંત્રણ ધરાવતી કોઈપણ વ્યક્તિ.

(ણ) "અનુસૂચિ" એટલે આ નિયમો સાથે જોડેલ અનુસૂચિ.

(ત) "પ્રાણી પ્રત્યે ક્રૂરતા નિવારણ માટેની સંસ્થા (SPCA)" એટલે આ નિયમો હેઠળ ઘડાયેલા પ્રાણી પ્રત્યે ક્રૂરતા નિવારણ (પ્રાણી પ્રત્યે ક્રૂરતા નિવારણ માટેની સંસ્થાની સ્થાપના અને વિનિયમન) નિયમો, ૨૦૦૧ હેઠળ સ્થપાયેલી પ્રાણી પ્રત્યે ક્રૂરતા નિવારણ માટેની સંસ્થા.

(થ) "રાજ્ય બોર્ડ" એટલે રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલ રાજ્ય પશુ કલ્યાણ બોર્ડ.

(દ) "સ્તનપાન કરતું પ્રાણી" એટલે-

(૧) પ્રાણીની સામાન્ય રીતે ભોજન, હૂંફ અને સલામતી જેવી તેની મૂળભૂત જરૂરિયાતોને પહોંચી વળવા સ્વતંત્ર જીવન ટકાવી રાખવા માટેનું કૌશલ્ય પ્રાપ્ત કરવા સુધીની વયે ન પહોંચેલી સંતતિ.

(૨) બિલાડીના અને કૂતરાના આઠ સપ્તાહથી ઓછી વયના બચ્ચાં, પીંછા ઉડવા માટે પરિપક્વ ન થયા હોય તેવા બંધનમાં રાખેલા પક્ષી.

(ધ) "પશુ ચિકિત્સક" એટલે ભારતીય પશુરોગ પરિષદ અધિનિયમ, ૧૯૮૪ (૧૯૮૪ ના ૫૨)ની જોગવાઇઓ હેઠળ નોંધાયેલ પશુ ચિકિત્સક.

(૨) આ નિયમોમાં ઉપયોગમાં લેવાયેલા અને વ્યાખ્યાયિત નહિ કરાયેલા પરંતુ અધિનિયમમાં વ્યાખ્યાયિત કરાયેલા શબ્દો અને અભિવ્યક્તિઓના અર્થ અધિનિયમમાં તેમને ફાળવવામાં આવ્યા મુજબ રહેશે.

**૩. પાલતુ પ્રાણીઓની દુકાનો નોંધણી વિના ચલાવવા પર પ્રતિબંધ** –કોઈ પણ વ્યકિત ફોર્મ-2માં નોંધણી પ્રમાણપત્ર મેળવ્યા વગર નીચેની બાબતો કરી શકશે નહિ.

(ક) પાલતુ પ્રાણીઓના છૂટક કે જથાબંધ વેપાર કે વેચાણ કરવા કે તે ચાલુ રાખવા, અથવા;

(ખ) કોઇપણ નામે પાલતુ પ્રાણીઓની કોઈ પણ દુકાન અથવા પાલતુ પ્રાણીઓના ખરીદ-વેચાણ કે વિનિમયમાં સંકળાયેલી કોઈ પણ સંસ્થા સ્થાપવી કે તેનું સંચાલન કરવું.

સિવાય કે, આ નિયમોની જાહેર કર્યાની તારીખના રોજ પાલતુ પ્રાણીઓની દુકાન ચલાવતી કોઈ વ્યક્તિ આવી જાહેરાતના સાઠ (૬૦) દિવસની અંદર આ નિયમો હેઠળ પાલતુ પ્રાણીઓની દુકાનનું પ્રમાણપત્ર મેળવી લે:

વધુમાં શરત એ છે કે, પ્રથમ પૂર્વશરતમાં જણાવાયેલ વ્યક્તિ ૬૦ (સાઠ) દિવસના આ સમયગાળામાં નોંધણી કરાવવા માટે અરજી કરી ન શકે અથવા તેને આ નિયમો હેઠળ કોઈ નિશ્ચિત કરાયેલા કારણસર નોંધણી માટે મનાઈ કરવામાં આવે તો રાજ્ય બોર્ડ અથવા પ્રાણી-ક્રૂરતા નિવારણ મંડળી દ્વારા દુકાનને તાળું મારવામાં આવશે અને ત્યાં વેચાણ માટે દર્શાવવામાં આવેલાં કે પુરવામાં આવેલાં પ્રાણીઓને જપ્ત કરાશે તથા જપ્ત કરાયેલાં એવાં પ્રાણીઓને અધિનિયમની કલમ ૨૯ની જોગવાઈઓ હેઠળ મેજિસ્ટ્રેટ દ્વારા યોગ્ય જણાય તેને તેની સોંપણી કરાશે. જોકે, પ્રાણીઓની જપ્તી પહેલાં સાઠ દિવસનો સમયગાળો પૂર્ણ થયાની તારીખથી અથવા નોંધણી કરાવવાની મનાઈ કરાઈ હોય એ તારીખથી ૩૦ દિવસની નોટિસ દુકાનના માલિકને આપવામાં આવશે.

(૨) દરેક પાલતુ પ્રાણી દુકાન માલિકે પોતાની પાલતુ પ્રાણીઓની દુકાનમાં નોંધણી પ્રમાણપત્ર તરત નજરે પડે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

(૩) પાલતુ પ્રાણીઓની દરેક દુકાનના માલિકે પોતાની દુકાનને રાજ્ય બોર્ડ અથવા પ્રાણી ક્રૂરતા નિવારક મંડળી દ્વારા લેખિતમાં અધિકૃત કરાયેલા નિરીક્ષક દ્વારા ચકાસણી માટે ખુલ્લી રાખવાની રહેશે.

**૪. પાલતુ પ્રાણી દુકાનની નોંધણીઃ**

(૧) નીચેના સંજોગોમાં આ નિયમો હેઠળ વ્યક્તિ નોંધણી કરાવવા પાત્ર રહેશે નહિ.

(ક) વ્યક્તિગત કિસ્સામાં તે વ્યક્તિ પુખ્તવયની ન હોય અને માનસિક સ્વસ્થતા ધરાવતી ન હોય તથા હાલના સમય દરમિયાન કોઈ અન્ય કાનૂન-અધિનિયમ હેઠળ કરાર કરવા માટે ગેરલાયક હોય.

(ખ) અન્ય કોઈ કિસ્સામાં, વ્યક્તિ કામચલાઉ અમલમાં હોય તેવા કોઈપણ કાયદા અનુસાર યોગ્યરીતે નોંધાયેલા નિગમ, કંપની કે વ્યક્તિઓના સંગઠનમાં ન હોય,

(૨) પાલતુ પ્રાણીઓની દુકાનની નોંધણી માટે રાજ્ય સમિતિમાં ફોર્મ-૧માં તમામ જરૂરી માહિતી પૂરી પાડીને તથા પરત મળવાપાત્ર ન હોય તેવી રૂપિયા પાંચ હજારની ફી ભરીને પાલતુ પ્રાણીઓ માટેની દુકાનની નોંધણી માટે અરજી કરવાની રહેશે.

(૩) વ્યક્તિએ પાલતુ પ્રાણીઓના છૂટક કે જથ્થાબંધ વેચાણ કે વેપાર કરવા કે ચાલુ રાખવા માટે પાલતુ પ્રાણીઓની દરેક દુકાન માટે અથવા જેનો ઉપયોગ કરવા ધાર્યું હોય તે પરિસર માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

(૪) પેટા-નિયમ (૨)મુજબ, પાલતુ પ્રાણી દુકાનના માલિકે એક સોગંદનામું કરીને અરજી સાથે જોડવાનું રહેશે, જેમાં જણાવવાનું રહેશે કે પાલતુ પ્રાણીઓની દુકાનની નોંધણી માટેની તમામ શરતોનું પાલન કરવામાં આવ્યું છે.

(૫) પેટા-નિયમ (૨) હેઠળ અરજી મળ્યા બાદ, સમિતિ પાલતુ પ્રાણીઓની આ દુકાનની નોંધણી કરીને, અરજદારને તે દુકાન અન્વયે ફોર્મ-૨માં નોંધણીનું પ્રમાણપત્ર આપી શકે છે, તેમજ રાજ્ય સમિતિએ ફોર્મ-૩માં નોંધણી-પ્રમાણપત્રનું રજિસ્ટર જાળવવાનું રહેશે.

(૬) પેટા-નિયમ (૫) હેઠળ પાલતુ પ્રાણીઓની દુકાનની નોંધણી થયા બાદ રાજ્ય બોર્ડ ત્રણ માસના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના અધિકૃત પશુચિકિત્સક મારફત દુકાનની ચકાસણી કરાવશે.

(૭) પેટા-નિયમ (૬)માં દર્શાવાયેલા પશુચિકિત્સક, આ ચકાસણી કર્યા બાદ સહી કરીને એક અહેવાલ રાજ્ય બોર્ડને સુપરત કરશે.

(૮) પશુચિકિત્સકના અહેવાલને ધ્યાનમાં લીધા બાદ અને પાલતુ પ્રાણીઓની દુકાન આ નિયમો હેઠળની જરૂરિયાતોનું પાલન કરે છે તેની ખાતરી કર્યા બાદ રાજ્ય બોર્ડ પાલતુ પ્રાણીઓની દુકાનની નોંધણી ચાલુ રાખશે.

(૯) રાજ્ય બોર્ડ નીચેના સંજોગોમાં પાલતુ પ્રાણીઓની દુકાનની નોંધણી ચાલુ રાખવા પરવાનગી આપશે નહિ,

(ક) અરજદારે જમા કરાવેલી માહિતી ખોટી જણાઈ હોય, કે અથવા અરજદારે અરજીમાં માલસામાન-સામગ્રીની ઈરાદાપૂર્વક ખોટી રજૂઆતો કરી હોય અથવા રાજય બોર્ડને ખોટા તથા બનાવટી રેકર્ડ પૂરાં પાડ્યાં હોય તો, અથવા –

(ખ) પાલતુ પ્રાણી દુકાનની નોંધણી માટેની અરજી રજૂ કરતાં પહેલા કોઈ પણ તબક્કે અરજદાર આ અધિનિયમ હેઠળ અથવા વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ (૧૯૭૨ની ૫૩) હેઠળ અથવા કામચલાઉ અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ પ્રાણીઓને લગતા કોઈ પણ ગુના બદલ દોષિત ઠર્યા હોય, અથવા

(ગ) અરજદારે રાજય બોર્ડના નિરીક્ષક અથવા રાજય બોર્ડના અધિકૃત પ્રતિનિધિને પોતાનાં સ્થળો (દુકાનો-મકાનો)માં મુક્ત અને અવરોધવિહીન પ્રવેશ માટે મનાઈ કરી હોય, અથવા

(ઘ) અરજદાર પાલતુ પ્રાણી દુકાન કોઈ માન્ય પ્રમાણપત્ર વિના ચલાવતા હોય અને તે પ્રમાણપત્ર માટે અરજી કરી ન શકવાથી તેમની દુકાન સીલ કરી દેવાઈ હોય.

(૧૦) રાજ્ય બોર્ડ પાલતુ પ્રાણીઓની દુકાન માટે નોંધણીની પરવાનગી ન આપે ત્યારે, રાજ્ય બોર્ડના અહેવાલ મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર અરજદારને પરવાનગી ન આપવાનાં કારણો લેખિતમાં જણાવશે.

(૧૧) રાજ્ય બોર્ડ દ્વારા આપવામાં આવેલું નોંધણી પ્રમાણપત્ર પાંચ વર્ષના સમયગાળા માટે માન્ય ગણાશે અને રાજ્ય બોર્ડને રૂપિયા પાંચ હજારની ફી સહિત એક અરજી કરવાથી તેને રિન્યુ કરી શકાશે.

(૧૨) આ નિયમો હેઠળ આપવામાં આવેલું નોંધણી પ્રમાણપત્ર બિન-ફેરબદલીપાત્ર રહેશે.

(૧૩) આ નિયમોમાં ગમે તે વિગત હોય તેમ છતાં, નીચે જણાવેલી વ્યક્તિઓને આ નિયમો હેઠળ પરવાનગી જરૂરી રહેશે નહિ, એટલે કે –

(ક) સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા કે તેના વતી સંચાલિત હોય તેવા પશુ આશ્રયસ્થાન કે બોર્ડમાં નોંધાયેલી પ્રાણીકલ્યાણ સંસ્થા,

(ખ) પ્રાણીઓનાં ખરીદ-વેચાણ જેવી વ્યાવસાયિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલી ન હોય તેવી પ્રાણીઓના કલ્યાણ માટે ચાલતી કોઈ પણ જગ્યા કે સંસ્થાન,

(ગ) પ્રાણીઓ પર થતા પ્રયોગોના નિયંત્રણ અને નિરીક્ષણના હેતુ (Purpose of Control and Supervision of Experiments on Animals CPCSEA) માટેની એવી કોઈ સંસ્થા જે સમિતિમાં નોંધાયેલી હોય તથા જેને પ્રાણીઓના પ્રયોગો, સંવર્ધન અને વેપારના હેતુ માટે સમયાંતરે

સુધારવામાં આવેલા 'પ્રાણી સંવર્ધન તથા તેના પર પ્રયોગો (નિયંત્રણ અને દેખરેખ) નિયમો- ૧૯૯૮'ના કાર્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ હોય, તેવી સંસ્થા આ નિયમોમાંથી મુક્ત રહેશે.

**(૫) નોંધણી રીન્યુઅલ કરાવવીઃ** – નોંધણી સમાપ્તિની તારીખના ૩૦ દિવસ પહેલાં પાલતુ પ્રાણીઓની દુકાનની નોંધણી રિન્યુ કરવા માટેની અરજી ફોર્મ-૧માં રાજ્ય બોર્ડને કરવાની રહેશે તથા નિયમ-૪ની જોગવાઈ મુજબ ફેરફાર સાથે લાગુ પાડવામાં આવશે.

**(૬) સ્થાન, માળખાકીય સુવિધાઓ તથા આવાસનઃ** –

(૧) પાલતુ પ્રાણી દુકાન કોઈ એવા કાયમી માળખા કે ઇમારતમાં રહેશે જેમાં, વીજળી-પાણી અને ઊર્જા જેવી પાયાની સગવડો માટેની પૂરતી વ્યવસ્થા હોય.

(૨) કોઈ પણ વ્યક્તિને નાની ઝૂંપડી જેવા સ્થળે, ફૂટપાથ ઉપર કે કોઈ કામચલાઉ કે હંગામી વ્યવસ્થામાં પાલતુ પ્રાણીઓની દુકાન ચલાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

(૩) પ્રાણીઓને વેચાણ માટે પ્રદર્શિત કરવામાં કે રાખવામાં આવ્યા હોય તેવી પાલતુ પ્રાણી દુકાન, વાડો કે ઓરડીઓ બીજી અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ, પૂરતા કદની અને પૂરતી જગ્યાની હોય તો જ પરવાનગી મળી શકશે.

(ક) તેમાં રખાયેલાં પશુ-પક્ષી જગ્યાના અભાવે ઊભી થતી મુશ્કેલી, ખલેલ કે અવરોધ વિના ઊભાં રહી શકે, બેસી શકે, આડાં પડી શકે, હલન-ચલન કરી શકે કે અન્ય સામાન્ય આંગિક મુદ્રા કરી શકે.

(ખ) પક્ષીઘરની અંદરનાં પક્ષીઓ ઊડી શકે, કૂદાકૂદ કરી શકે, કૂદકો મારી શકે અને આસપાસમાં ફરી શકે તથા પોતપોતાની પાંખો પૂરેપૂરી ફેલાવી શકે અને જગ્યાના અભાવે ઊભાં થતાં અડચણ, ખલેલ કે અવરોધ વિના આશ્રય લઈ શકે, તથા જળચર પક્ષીઓને પાણીના હવાડામાં આળોટવાની પૂરતી સવલત મળતી હોય.

(૪) વેચાણ માટેનાં પાલતુ પ્રાણીઓને પ્રદર્શિત કરવા માટે આંતરેલી ખુલ્લી જગ્યાની દીવાલો વચ્ચે બનાવેલો વાડો કે ઓરડો હોય તેની સપાટીની જમીન એવી હોવી જોઈએ કે પ્રાણીઓના પગને કે અન્ય કોઈ રીતે તેમને હાનિ ન પહોંચે. જોકે, મેશ ફ્લોરનો ઉપયોગ કરવાનો હોય તો મુકવામાં આવતી ઓર્ગેનિક વસ્તુઓ પિંજરામાં પડતી અટકાવવા ટ્રે આપવામાં આવે.

(૫) પાળેલાં પશુ-પક્ષીઓને રાખવામાં કે પ્રદર્શિત કરવામાં આવ્યાં હોય તે ચોતરફની દીવાલો કે ઓરડીઓ કે પક્ષીઘરનું તાપમાન અનુકૂળ હોવું જોઈએ જે, દરેક પશુ તથા જાતિ-પ્રજાતિએ ભિન્ન હોઈ શકે છે. અને દુકાન માલિકની એ જવાબદારી રહે છે કે તે જેનું સંવર્ધન કરવા માગતા હોય તે પ્રજાતિની જરૂરિયાતોથી પોતે માહિતગાર થાય અને તેમના માટે પરિસર અને અનુકૂળ તાપમાનની વ્યવથા કરે.

(૬) પાલતુ પ્રાણીઓની દરેક દુકાનમાં તેનો માલિક ખાસ કરીને તેનાં પશુ-પક્ષીઓનાં વેચાણ માટે તેને પ્રદર્શિત કરવા કે રાખવા માટે બનાવાયેલા દીવાલોવાળા ઓરડાઓ કે અન્ય ઓરડીઓમાં કે પક્ષીઘરોમાં સાફસૂફી વખતે ગંદા નકામા પાણીના ઝડપી નિકાલની પૂરતી સવલત હોય.

(૭) પાલતુ પ્રાણીઓને વેચાણ માટે પ્રદર્શિત કરતી કે રાખતી દરેક પાલતુ પ્રાણી દુકાનમાં નીચેની બાબતો હોવી જોઇએ.

(ક) હવા-ઉજાસની પૂરેપૂરી વ્યવસ્થા અને ઓછા અવાજનો ઍક્ઝોસ્ટ ફેન અથવા તેવી સિસ્ટમ લગાડેલી હોય.

(ખ) આ સ્થળ ધ્વનિ-પ્રદૂષણથી મુક્ત હોવું જોઈએ, અને મોટા અવાજ-ઘોંઘાટ સંભળાતા હોય એવી અને હાનિકારક ધુમાડા અને ગંદી વાસ આવતી હોય તેવા કારખાના અને અન્ય આવી ઔદ્યોગિક વસાહતથી ખૂબ નજીક ન હોવા જોઈએ.

(ગ) કસાઈની દુકાન કે દુકાનો કે કતલખાનાંથી સો મીટરની નજીકમાં પાલતુ પ્રાણીઓની દુકાન આવેલી ન હોવી જોઈએ, અને વેચાણ માટે પ્રદર્શિત કરાયાં હોય તે પાલતુ પ્રાણીઓને ખલેલ કે હાનિ પહોંચાડી શકે તેવા અન્ય પ્રાણીઓને પ્રવેશ આપવામાં આવે નહિ.

(ઘ) પાલતુ પ્રાણીઓની દુકાનમાં સ્મોક ડીટેકશન તથા અગ્નિશામક સાધન લગાવેલું હોવું જોઈએ અને તાત્કાલિક ઉપયોગ માટે તે તૈયાર હોવું જોઈએ, તથા

(ચ) કોઈ પણ ચેપી બીમારીથી ચેપગ્રસ્ત અથવા ચેપ લાગવાની શકયતા ધરાવનારાં પ્રાણીઓને અલગ અને અન્યથી જુદાં રાખવાની અલાયદા ક્વૉરન્ટાઈન વિસ્તારની વ્યવસ્થા પાલતુ પ્રાણીઓની દુકાનમાં હોવી જોઈએ.

**૭. પ્રાણીઓની સામાન્ય સંભાળ, પશુચિકિત્સા સંબંધી સંભાળ અને અન્ય જરૂરિયાતોઃ-**

(૧) પાલતુ પ્રાણી દુકાનના માલિકે એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે કે, તમામ પાલતુ પ્રાણીઓને તેમની પ્રજાતિ અનુસાર, તેમની સ્થિતિ, કદ, તાપમાન, પ્રકાશ તથા હવા-ઉજાસ અને સ્વચ્છતાની દૃષ્ટિએ તેમજ અન્ય એવાં જ ધોરણો અનુસાર યોગ્ય અનુકૂળ રહેઠાણ અને પર્યાવરણ મળી રહે છે કે કેમ. વળી, આવાં કોઈ પણ પશુ-પક્ષીઓને તેમની જે-તે દુકાનની બહાર કે બારીઓમાં પ્રદર્શિત કરવામાં આવશે નહિ.

(૨) પાલતુ પ્રાણી દુકાન ધરાવનારા દરેક માલિકે એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે –

(ક) પાલતુ પ્રાણીઓને તેમની જાતિ-પ્રજાતિને અનુરૂપ તથા તેમની વયને માટે જરૂરી ખોરાકની આવશ્યકતાઓ પૂરી પાડવામાં આવે છે.

(ખ) વેચાણના ઉદ્દેશથી રખાયેલાં આ પાલતુ પ્રાણીઓને તમામ સમયે પીવાનું સ્વચ્છ પાણી ઉપલબ્ધ છે.

(ગ) આ પ્રાણીઓને ખવડાવવા-પિવડાવવા માટે વપરાતાં વાસણો સ્વચ્છ રાખવામાં આવે છે, અને તેમનાં મળ-મૂત્રના ચેપથી તે મુક્ત છે.

(ઘ) દીવાલોવાળા ઓરડા કે અન્ય ઓરડીઓમાં કે પક્ષીઘરોમાં જ્યાં વેચાણ માટે આ પાળેલાં પ્રાણીઓને રખાયાં હોય ત્યાં સ્થળોને દરરોજ અથવા અનેક વાર સાફસૂફ કરવામાં આવે છે, જો આ સ્થળો પર પ્રાણીઓનાં મળમૂત્રની ગંદકી કે અન્ય કચરો જોવા મળે તો તેને જીવાણુનાશક છાંટીને અવારનાવાર શુદ્ધ કરવા જોઈએ, જેથી રોગચાળો ફાટી નીકળવાની શક્યતાઓ દૂર કરી શકાય.

(ચ) રહેઠાણની સુવિધા સ્તરીય હોય ત્યાં પાણી, ખોરાક અને અન્ય છાણ કે ચરક નીચેનાં આવાસનમાં પડવાં ન જોઈએ.

(છ) એમના ખોરાકનું વધેલું, પ્રાણીઓનાં મળ-મૂત્ર, વપરાયેલી પથારીઓ, કાટમાળ અને અન્ય સેન્દ્રિય કચરો એમના રહેઠાણના ઓરડા કે જગ્યામાંથી દરરોજ અને વારંવાર સાફસૂફ કરવાનો રહેશે.

(જ) પ્રાણીઓનો કચરો અને ન ખાધેલો ખોરાક તથા તેના દાણા વગેરે ફેલાય નહીં તે માટે ઘરને દરરોજ અને વારંવાર સાફસૂફ કરવાનું રહેશે.

(ઝ) વેચાણ માટે રાખવામાં આવેલા કે પ્રદર્શિત કરવામાં આવેલા પાલતુ પ્રાણીઓ માટેના દીવાલોવાળા ઓરડા કે ઓરડીઓ કે પક્ષીઘરો તેઓ મુક્ત રીતે હરીફરી શકે તેવાં તથા આરામ કરી શકે તેવાં તે હોવાં જોઈએ. જે પ્રાણીઓને સૂવા કે આરામ માટે પથારી જોઈતી હોય તેમને તે પૂરી પાડવાની રહેશે, પરંતુ પથારીમાં ખાવાની કોઈ ચીજ ભેગી કરી શકાશે નહીં.

(ટ) એક ઓરડી કે રહેઠાણમાં કે ઘરમાં સમાન જાતિ-પ્રજાતિનાં તથા વયજૂથનાં પ્રાણી-પક્ષીઓને રાખવાનાં રહેશે કે જેથી તેમનામાં સમાગમ કે તકરાર કે મારામારી ટાળી શકાય.

(ઠ) એકબીજાથી વિરોધી પ્રકારનાં પાલતુ પ્રાણીઓને સમાન સરહદવાળી વાડાબંધીમાં ન રાખવાં, તથા કૂતરા અને બિલાડીને એકસાથે ન રાખવાં. તેમજ પક્ષીઓ, ઉંદર, સસલું, ગુએના ડુક્કર, હેમસ્ટર તથા કોળને કૂતરા અને બિલાડીની સાથે ન રાખવાં, જેથી તેમની વચ્ચે તનાવ ઊભો ન થાય.

(ડ) સક્રિય પશુચિકિત્સક દ્વારા લેખિતમાં પ્રામાણિત કરાયેલાં તંદુરસ્ત પાલતુ પ્રાણીઓને જ પાલતુ પ્રાણી દુકાનમાં વેચાણ માટે રાખી શકાય છે; તથા,

(ઢ) વેચાણ માટેનાં પાલતુ પ્રાણીઓને રાતના સમયે દુકાનમાં દેખરેખ માટે પૂરતી સંખ્યામાં વ્યક્તિ કે વ્યક્તિઓ વિના રાખી શકાશે નહીં.

(૩) પાલતુ પ્રાણી દુકાનમાં કોઈ સગર્ભા પ્રાણીઓને કે સ્તનપાન કરતી સંતતિ કે સ્તનપાન કરાવતી માતાને વેચાણ માટે રાખી શકાશે નહીં.

(૪) કોઈપણ પાલતુ પ્રાણી દુકાન માનવ ઉપયોગી ન હોય, પણ અન્ય પ્રાણીઓના ખોરાક માટે ઉપયોગી હોય તેવા જંતુ કે પશુની કેટલીક પ્રજાતિઓ સિવાય, એવા કોઈ પ્રાણીનું વેચાણ નહીં કરી શકે જેનો ખોરાક માટે, ચામડી માટે ઉપયોગ થતો હોય.

(૫) દરેક પાલતુ પ્રાણી દુકાનદારે –

(ક) એવા જ કર્મચારીઓની નિમણૂક કરવાની રહેશે જેઓ આ વિષયમાં તાલીમ પામેલા હોય અને પાલતુ પ્રાણીઓની સંભાળ લેવાનું કે તે વિષયનું જ્ઞાન ધરાવતા હોય, અને એવા લોકોની નિમણૂક નહીં કરે જે

માનસિક રીતે અસ્થિર હોય, ગુસ્સાવાળો સ્વભાવ ધરાવતા હોય અથવા એવો માનસિક સ્વભાવ ધરાવતા હોય જે પ્રાણીઓ સાથે કામ કરવામાં અનુકૂળ ન હોય, અને,

(ખ) પાલતુ પ્રાણી દુકાનમાં તેમની યોગ્ય સંભાળ લેવા માટે અને સતત દેખરેખ રાખવા માટે પૂરતા સમર્પિત કર્મચારીગણને નિયુક્ત કરવાનો રહેશે.

(૬) પાલતુ પ્રાણી દુકાનના દરેક માલિકે પશુચિકિત્સાની પૂરતી જોગવાઈઓ કરી રાખવાની રહેશે, જેમાં તાકીદની તબીબી સેવાનો સમાવેશ થાય છે. સાથોસાથ, પાલતુ પ્રાણીઓની દુકાનમાં તરત નજરે પડે તેવી જગ્યાએ તાકીદની તબીબી સેવા માટેનાં પશુચિકિત્સકોનાં સંપર્કસૂત્રો લખેલાં ઉપલબ્ધ રાખવાનાં રહેશે, જેથી કર્મચારીઓને તથા ગ્રાહકોને પોતપોતાનાં પાલતુ પ્રાણીઓના આરોગ્યની બાબતમાં જે-તે પશુચિકિત્સક સાથે સંપર્કનો માર્ગ જલદીથી જડે.

(૭) પાલતુ પ્રાણી દુકાનના માલિકે કોઈ પણ રોગચાળો ફાટી નીકળે કે કોઈ પ્રાણીસંગ્રહાલયને લગતા કે ચેપી રોગચાળાની કે સંક્રમણની શંકા હોય ત્યારે તાત્કાલિક સ્થાનિક સત્તાવાળાઓ, SPCA, રાજ્ય બોર્ડ તથા પશુપાલન માટે જવાબદાર રાજ્ય સરકારના વિભાગને જાણ કરવાની રહેશે.

(૮) પાલતું પ્રાણીઓની દુકાનના માલિકે ક્વૉરન્ટાઈન કે બીમાર કે રોગગ્રસ્ત પ્રાણીઓ માટે કે રોગી અથવા નવા લેવાયેલા અને અલગ રખાયેલા પાલતું પ્રાણીઓની બાબતમાં ઓછામાં ઓછો એક અલાયદો ઓરડો-ઓરડી કે ઘર રાખવાનું રહેશે, અને નીચેની બાબતો સુનિશ્ચિત કરવાની રહેશે, -

(ક) ક્વૉરન્ટાઈન બીમાર કે રોગી હોય તેવાં પાલતું પ્રાણીઓ અન્ય નવાં આવેલાં પ્રાણીઓની સાથે રાખવામાં ન આવે,

(ખ) ક્વૉરન્ટાઈન અને અલાયદી વ્યવસ્થામાંથી પ્રાણીઓને દૂર કરવામાં આવે કે તરત જ અન્ય વધારાનાં પ્રાણીઓને એમાં રાખતાં કે પ્રવેશ કરાવતાં પહેલાં એ ક્વૉરન્ટાઈન અને અલાયદી વ્યવસ્થાને સંપૂર્ણ સાફસૂફ અને જંતુમુક્ત કરવાની રહેશે, અને,

(ગ) ક્વૉરન્ટાઈન અને અલાયદી વ્યવસ્થાઓ પર રખાયેલાં સાધનો તથા વાસણોને અલગ અને વિશિષ્ટ રીતે રાખવાનાં રહેશે.

(૯) પાલતુ પ્રાણીઓની દુકાનના દરેક માલિકે એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે કોઈ પણ પાલતું પ્રાણી બીમાર કે ગંભીર રીતે બીમાર કે ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોય ત્યારે તેમને ભારતીય પ્રાણીચિકિત્સા સમિતિ દ્વારા નિશ્ચિત કરાયેલી પદ્ધતિથી પશુચિકિત્સક મારફતે ઈચ્છામૃત્યુ આપવામાં આવે, અને આવા કિસ્સાઓનો રેકર્ડ નિભાવવામાં આવે, તથા આવી બાબતોનો અહેવાલ રાજ્ય બોર્ડને સુપરત કરવાનો રહેશે.

(૧૦) દરેક પાલતુ પ્રાણી દુકાને મૃત્યુ પામતાં પ્રાણીઓનાં શબ-મૃતદેહોના નિકાલની વ્યવસ્થા કરવાની રહેશે, અને મૃતક પ્રાણીઓને અન્ય પાલતુ પ્રાણીઓની નજરમાંથી વહેલામાં વહેલી તકે દૂર કરવાનાં રહેશે.

(૧૧) દરેક પાલતુ પ્રાણી દુકાન માલિકે તેને આ વ્યવસ્થા ચલાવવા માટે અપાયેલો પરવાનો તરત નજરે પડે તે રીતે પોતાની દુકાનમાં મુકવાનો રહેશે.

(૧૨) પાલતુ પ્રાણી દુકાનમાં પાળેલાં પ્રાણીઓની જાતિ-પ્રજાતિ તથા સંખ્યા, વેચાણ માટેની સૂચિત કિંમત સ્પષ્ટપણે જોઈ શકાય તે રીતે મૂકવાની રહેશે.

(૧૩) વેચાણ થયેલા દરેક પ્રાણીની પહોંચ ફોર્મ-૪માં કરવાની રહેશે અને તે દરેકની નકલ દુકાનના માલિકે રાખવાની રહેશે.

(૧૪) કોઈ પણ પાલતુ પ્રાણી દુકાને કોઈ પણ સ્વરૂપે અંગછેદન ધરાવતાં પ્રાણીનું વેચાણ કરી શકાશે નહીં. જોકે, પશુચિકિત્સકની સલાહના આધારે કરાયેલી આવશ્યક તબીબી સર્જરીને અપવાદરૂપ ગણાશે.

(૧૫) કોઈ પણ પાલતુ પ્રાણી દુકાને સ્તનપાન છોડયું ન હોય તેવા કે નાની ઉંમરના કોઈ પશુ કે પક્ષીનું વેચાણ કરી શકાશે નહીં.

(૧૬) દરેક બચ્ચાંને સક્રિય પશુચિકિત્સક દ્વારા માઇક્રો ચીપ લગાવવાની રહેશે, અને દરેક પશુ-દુકાનના સંકુલમાં આવા કાર્યરત માઇક્રો ચિપ્સ રીડર હોવા જોઇશે. આ નિયમમાં એ બાબત અપેક્ષિત છે કે, આવાં માઇક્રો-ચિપ્સ લગાડેલાં બચ્ચાંનું જ વેચાણ કરી શકાશે.

(૧૭) દરેક પશુ-દુકાન માલિકે પોતાની દુકાનમાં સોળ અઠવાડિયાંથી વધારેની વયનાં તથા વિવિધ પ્રકારની જાતિ-પ્રજાતિનાં પ્રાણીઓ માટે પશુચિકિત્સક દ્વારા સહી કરેલી અને પ્રમાણિત કરેલી યોગ્ય લેખિત કસરત-આયોજના હોવું જોઈએ, અને તેનો અમલ સુનિશ્ચિત કરવાનો રહેશે.

(૧૮) દરેક પશુ-દુકાન માલિકે એ સુનિશ્ચિત કરવા માટે પૂરેપૂરા પ્રયાસ કરવા જોઈએ કે, પશુ-દુકાનમાં પહેલી વાર વેચાણ માટે પ્રદર્શિત કરવાના ત્રણ મહિનાથી વધારે સમય સુધી વેચાણમાં મૂકવા છતાં, ખરીદાર પ્રાપ્ત ન થાય તેવાં પશુને પોતે રાખે અને તેને ફરીથી જાળવે, સંભાળે.

શરત એ છે કે, ન વેચાયેલા જે-તે પ્રાણી-પક્ષીને પુનઃ ગ્રહણ કરવાની કે ફરીથી દુકાનમાં લેવાની વિગતો એક નોંધપત્રકમાં નોંધી રાખવામાં આવે અને તે નોંધપત્રક પશુ-દુકાને રાખવામાં આવે.

બીજી શરત એ કે, ન વેચાયેલા પ્રાણીને દુકાન-માલિક ગલી-શેરીમાં કે અન્યત્ર ત્યાગ કરીને છોડી ન દે.

(૧૯) જો દુકાન-માલિકની ઇચ્છા બચ્ચાંના ઉછેરની હોય તો એ માટે તેણે પરવાનગી માગવાની અરજીમાં ઉલ્લેખ કરવાનો રહેશે, અને આવી ઉછેરની કામગીરી માટેનું સ્થળ ભૌતિક રીતે આ પ્રાણીઓનાં ઘર કે આશ્રયસ્થાનથી તથા તેમના ખોરાકના સંગ્રહસ્થાનથી દૂર હોવું જોઈએ.

(૨૦) પાલતુ પશુઓને માટેનાં ઉત્પાદનો તથા આનુષંગિક વસ્તુઓ સહિતની છૂટક કે જથ્થાબંધ વેચાણ માટે મુકાયેલી કોઈ પણ કે તમામ ચીજો, દુકાનમાં પ્રાણીઓને રહેવાની જગ્યાએ જોવા માટે કે વેચાણ માટે મૂકી શકાશે નહીં.

(૨૧) પાલતુ પ્રાણી દુકાનના દરેક માલિકે ગ્રાહકોને જે-તે પ્રાણીની ખરીદી વખતે પાલતુ પ્રાણીઓની સંભાળ લેવા માટેનું ચોપાનિયું કે પ્રાણીની દેખરેખ લેવા માટેનું પ્રમાણ તથા પદ્ધતિના સંદર્ભે લેખિત સૂચનો તથા ખરીદેલા જે-તે પ્રાણીનાં લક્ષણો તથા વર્તનની પદ્ધતિ અંગેનું સાહિત્ય નિઃશુલ્ક આપવાનું રહેશે.

(૨૨) પુખ્ત વયના ન હોય તેવા કોઈ પણ દુકાન માલિક કોઈ પણ પાલતુ પ્રાણીનું વેચાણ નહીં કરી શકે.

(૨૩) પાલતુ પ્રાણીના દરેક દુકાનદાર તથા તે કાર્ય સાથે સંકળાયેલી કોઈ પણ વ્યક્તિએ એ બાબતની સુનિશ્ચિતતા કરવાની રહેશે કે, પાલતુ પ્રાણીને જે તે દુકાનમાં કે ત્યાં રખાયેલી વ્યવસ્થામાં તેમના કબજા હેઠળ મહત્તમ સંભાળ, નિભાવ તથા ભરણપોષણ પ્રાપ્ત થાય અને તેમને આગ, અકસ્માત, અન્ય પ્રાણીઓના હુમલા તથા અન્ય ખતરનાક જોખમી ઘટનાઓથી રક્ષણ મળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૨૪) દરેક પાલતુ પ્રાણી દુકાનદારે દુકાનમાં દરેક પશુને તપાસવા માટે પશુ-ચિકિત્સકને રોકવાના રહેશે, જે દર મહિને એકવાર ફિટનેસનું પ્રમાણપત્ર આપશે, અથવા દુકાન-માલિકને કોઈ પ્રાણીમાં કોઈ બીમારીનાં ચિહ્નો કે લક્ષણો દેખાય ત્યારે જાણ કરવાથી તેમણે કોઈ પણ સમયે તપાસ કરવાની રહેશે.

(૨૫) સંવર્ધક, અમલમાં હોય તેવા સંબંધિત નિયમ મુજબ નોંધણી નહિ કરાયેલા સંવર્ધક પાસેથી મેળવેલા કોઈપણ પાલતુ પ્રાણીનું વેચાણ કરશે નહિ.

(૨૬) પ્રાણીઓને રસીકરણ કરાવવાની વિગતો સહિત તેમના આરોગ્યને જાળવવા માટે દરેક પાલતુ પ્રાણી દુકાનદાર દ્વારા પૂરતાં પગલાં લેવાશે.

## ૮ રેકર્ડ-નિભાવ

(૧) દરેક પાલતુ પ્રાણી દુકાનદારે ફોર્મ-૫માં રેકર્ડબુક નિભાવવાની રહેશે અને તેમાં વેચાણના હેતુથી પાલતુ પ્રાણીઓના ઉછેરકર્તાઓ તથા મોકલનાર વિક્રેતાઓનાં નામ-સરનામાં, સંપર્કસૂત્રો અને ખરીદ-વેચાણની તારીખ તેમજ મેળવેલાં પ્રાણીઓની સંખ્યા, તેમની જાતિ-પ્રજાતિ અને જો લાગુ પડતું હોય તો પક્ષીના બૅન્ડનંબર સહિતની વિગતો નોંધવાની રહેશે.

(૨) પાલતુ પ્રાણીઓની દુકાનના માલિકે ફોર્મ-૬માં પાલતુ પ્રાણીઓની ખરીદી કરનારની વિગતો નિભાવવા માટે એક રેકર્ડ-બુક રાખવાની રહેશે, જેમાં ખરીદનારનું નામ-સરનામું, સંપર્કસૂત્ર અને ખરીદેલાં પાલતુ પ્રાણીઓની વિગતો તથા જેની ખરીદી થઈ હોય તેની કિંમત તેમજ આપવામાં આવેલી પહોંચની વિગતો લખવાની રહેશે.

(૩) દરેક પશુ-દુકાન માલિકે દુકાનમાં મૃત્યુ પામતા પ્રાણીઓની વિગતો માટે ફોર્મ-૭માં રેકર્ડ નિભાવવાનો રહેશે, અને તેમાં મૃત્યુનો દિવસ, તારીખ, સમય તથા મૃત્યુનું પશુ-ચિકિત્સક દ્વારા પ્રમાણિત કારણ તેમજ તબીબી સારવાર અને મૃત્યુ પહેલાં જે-તે પ્રાણીને અપાયેલી તબીબી સારવારની પશુચિકિત્સક દ્વારા લેખિતમાં પ્રમાણિત કરાયેલી વિગતો તથા પશુના શબના નિકાલની પદ્ધતિ સહિતની વિગતો દર્શાવતી બાબતો નોંધવાની રહેશે.

(૪) દરેક પાલતુ પ્રાણી દુકાનદારે ફોર્મ-૮માં એક અલગ રેકર્ડ રાખવાનો રહેશે, જેમાં અસાધ્ય રોગથી પીડાતા કે ગંભીર બીમાર કે ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોય એવા પાલતુ પ્રાણીઓ ઇચ્છામૃત્યુ અપાયું હોય તેની દિવસ, તારીખ અને મૃત્યુના સમય સહિત પશુચિકિત્સક દ્વારા પ્રમાણિત કરાયેલા મૃત્યુનું કારણ તથા મૃત્યુ પામેલ પ્રાણીને મૃત્યુ પહેલાં અપાયેલી તબીબી સાર-સંભાળ અને તેના મૃતદેહના નિકાલની પદ્ધતિ સહિતની વિગતો નોંધવાની રહેશે.

(૫) આ નિયમ હેઠળ નોંધાયેલા રેકર્ડ રાજ્ય બોર્ડની ચકાસણી માટે અથવા પ્રાણી ખરીદવાની ઇચ્છા ધરાવતી કોઈ પણ વ્યક્તિ માટે દુકાનમાં રાખવાના રહેશે.

## ૯. આ નિયમોનું અપાલન:-

(૧) રાજ્ય બોર્ડને પશુ દુકાન દ્વારા નિયમોનું પાલન થયું નથી, એવી કોઈ લેખિત ફરિયાદથી કે અન્ય રીતે જાણકારી મળે તો આ નિયમોનું પાલન થયું નથી, એ સ્થાપિત કરવા માટે તે સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા કે SPCA દ્વારા ફરિયાદની તપાસ કરાવશે.

(૨) જો આ ચકાસણી દરમિયાન એમ જણાય કે કોઈ પશુ બીમાર છે અથવા કશી મુશ્કેલી કે અસ્વસ્થતા અનુભવી રહ્યું છે ત્યારે નિરીક્ષક રાજ્ય બોર્ડ દ્વારા અધિકૃત વ્યક્તિનું બીમાર પશુનું પ્રમાણપત્ર આપવામાં આવશે, જે તેના દુકાન-માલિકને આ બીમાર પ્રાણીને તબીબી સંભાળ પૂરી પાડવા માટે જરૂરી બનશે, અને એવા સંજોગોમાં દુકાન-માલિકે આ ચકાસણીની તારીખથી સાત દિવસની અંદર, તથા જો પશુ-ચિકિત્સક અથવા અધિકૃત વ્યક્તિને આ વિષયમાં કોઈ

પ્રગતિ અંગે સંતોષ ન થાય તો સાત દિવસ પછી તે આ પાલતુ પ્રાણીને જપ્ત કરી લેશે, અને તેને સારવાર હેઠળ મોકલી આપશે, અને રાજ્ય બોર્ડમાં નોંધાયેલી પ્રાણીકલ્યાણ સંસ્થા દ્વારા ચાલતા આશ્રયગૃહમાં રહેવાની સારી વ્યવસ્થામાં સારવાર અને સંભાળ માટે મોકલી આપશે. તથા તે પછી તે આવું પગલું કેમ જરૂરી બન્યું તે કારણો અંગે નોંધ લખશે, જેની નકલ તે દુકાનમાલિકને તથા પ્રાણીકલ્યાણ સંસ્થાને મોકલી આપશે.

(૩) પેટા-નિયમ (૨) હેઠળ પ્રાણીને સારવાર તથા સંભાળનો જે ખર્ચ થાય તે દુકાન-માલિકે ઉઠાવવાનો રહેશે, અને પ્રાણી કલ્યાણ સંસ્થા દ્વારા આ પ્રાણી જ્યારે સંપૂર્ણ સાજું થઈ જાય ત્યાર પછી પાલતુ પશુદુકાન માલિકને પરત સોંપણી કરવામાં આવશે. તથા તેની સાર-સંભાળ તથા સારવારનો ખર્ચ ઉઠાવ્યો હોય તે પ્રાણી કલ્યાણ સંસ્થાને ભરપાઈ કરી આપવામાં આવશે.

(૪) બીમાર કે અન્ય પીડિત પશુના નિકાલની ઘટનામાં પશુદુકાનના માલિક આ નિયમ હેઠળ રાજ્ય સમિતિ કે પ્રાણી કલ્યાણ સંસ્થા પાસેથી કોઈ વળતર મેળવવા હકદાર રહેશે નહીં.

(૫) નિરીક્ષક કે પેટા-નિયમ (૨)માં દર્શાવેલી વ્યક્તિ દ્વારા તપાસણી દરમિયાન આ નિયમોની જરૂરિયાતનો કોઈ અન્ય ભંગ થયેલો જણાશે તો રાજ્ય બોર્ડ દ્વારા દુકાનમાલિકને નોટિસ આપવામાં આવશે, જે મળ્યાના પંદર દિવસની અંદર તેની નોંધાણી શા માટે રદ કરવામાં ન આવે તે અંગેના કારણો જણાવવાનાં રહેશે.

(૬) પાલતુ પ્રાણી દુકાન માલિકના પ્રતિભાવથી રાજ્ય બોર્ડ સંતુષ્ટ ન થાય તો, અથવા કોઈ જ પ્રત્યુત્તર ન મળે તો રાજ્ય બોર્ડ તેની પરવાનગી રદ કરી શકે છે, અને બાદમાં તેનાં કારણો લેખિતમાં દુકાનમાલિકને પત્ર દ્વારા જણાવી શકે છે.

(૭) જેની નોંધણી રદ થઈ હોય તેવી પાલતુ પ્રાણી દુકાનને રાજ્ય બોર્ડ નીચેના સંજોગોમાં સીલ નહીં કરી શકે:-

(ક) રદ કર્યાની આવી કામગીરી સામે અપીલનો સમયગાળો પૂરો ન થઈ જાય ત્યાં સુધી

(ખ) અપીલ પસંદ કરાઈ હોય અને અનિર્ણીત હોય તેવા કિસ્સામાં અપીલનો નિકાલ થાય ત્યાં સુધી

(૮) અરજી રદ થઈ જાય તો રાજ્ય બોર્ડ દ્વારા દુકાન સીલ કરવામાં આવે, તથા વેચાણ માટે મુકાયેલાં-રખાયેલાં પ્રાણીઓને જપ્ત કરવામાં આવશે. અને જપ્ત કરાયેલાં પ્રાણીઓની સાથે માં નિયમ-૩માં નિશ્ચિત કરાયેલી પદ્ધતિ મુજબ વ્યવહાર કરવામાં આવશે.

**૧૦. સંસ્થાનું નિરીક્ષણ –**

(૧) રાજ્ય બોર્ડને કોઈ ફરિયાદ મળ્યેથી કે અન્ય કોઈ પણ કારણે તે અધિકૃત ઈન્સ્પેક્ટર દ્વારા આ અંગે લેખિતમાં કોઈ પણ પશુ-દુકાનની તપાસણી કરાવી શકે છે.

(૨) આ રીતે પેટા-નિયમ (૧) હેઠળ અધિકૃત ઈન્સ્પેક્ટર પોતાની અધિકૃતિ દર્શાવીને નીચે મુજબની સત્તાઓ ધરાવે છેઃ

(ક) કોઈ પણ વાજબી સમયે પશુ-દુકાનમાં પ્રવેશ કરવાની, સંસ્થાના તમામ વિસ્તારો તથા પ્રાણીઓને જોવાની, રેકર્ડ તપાસવાની સત્તા ધરાવે છે, અને આ નિયમોની જરૂરિયાતોનું પાલન કરવામાં આવતી હોવાની બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

(ખ) તે તસવીરો લઈ શકે, વીડિયો ઉતારીને રેકર્ડ કરી શકે અને રેકર્ડની નકલ કરી શકે.

(૩) આ નિયમો હેઠળ નોંધાયેલી પાલતુ પશુ દુકાનમાં વર્ષમાં ઓછામાં ઓછી એક વાર તપાસણી કરવામાં આવશે.

(૪) આ નિરીક્ષણનો અહેવાલ ઈન્સ્પેક્ટર દ્વારા રાજ્ય બોર્ડને લેખિતમાં સુપરત કરવામાં આવશે.

(૫) રાજ્ય બોર્ડ આ અહેવાલને ધ્યાનમાં લીધા બાદ એવો અભિપ્રાય ધરાવે કે આ નિયમોની કોઈ પણ જરૂરિયાતોનો પશુ દુકાનના માલિક દ્વારા ભંગ થયો છે તો, અહેવાલની એક નકલ દુકાનના માલિકને આપીને તથા કારણ દર્શાવવાની તક આપીને તે દુકાનની નોંધણીને રદ કરી શકે છે અને દુકાનના માલિકને તેનાં કારણ લખી જણાવી શકે છે.

**૧૧. અપીલ:**

(૧) કોઈ પણ પશુદુકાનના માલિક SPCA કે રાજ્ય સમિતિના આ નિર્ણયની સામે નારાજ હોય તો આ નિર્ણય મળ્યાના ત્રીસ દિવસની અંદર SPCA કે સચિવશ્રી, પશુપાલન વિભાગ, રાજ્ય સરકાર સમક્ષ રાજ્ય બોર્ડના નિર્ણયની વિરુદ્ધ અરજી કરી શકે છે.

(૨) રાજ્ય બોર્ડ કે સચિવશ્રી, પશુપાલન વિભાગ, રાજ્ય સરકાર યથાપ્રસંગે દુકાન માલિકને તથા SPCAને તથા રાજ્ય બોર્ડને લેખિતમાં જણાવવાના કારણસર જે-તે કિસ્સામાં નોટિસ આપ્યા બાદ અને પક્ષોને સાંભળવાની તક આપીને અપીલને રદ કે સ્વીકાર્ય ગણી શકે છે, અને યથાપ્રસંગે દુકાન માલિક તથા SPCA કે રાજય બોર્ડ સાથે સંપર્ક કરશે.

**૧૨. પાલતુ પ્રાણી દુકાન માલિક દ્વારા અહેવાલ:**

(૧) આ નિયમો હેઠળ નોંધાયેલા દરેક પાલતુ પ્રાણી દુકાનદારે નીચેની બાબતો કરવાની રહેશે;

(ક) રાજ્ય બોર્ડને વર્ષના અંતે અહેવાલ મોકલવાનો રહેશે જેમાં વીતેલા વર્ષ દરમિયાન કુલ કેટલી સંખ્યામાં પ્રાણીઓનું વેચાણ, વેપાર થયો, વિનિમય થયો, દલાલી થઈ, કેટલાં ત્યજી દેવાયાં, કેટલી સંખ્યામાં પરિવહન કરાયું, પ્રદર્શિત કરાયા, કેટલાં મૃત્યુ પામ્યાં કે ઈચ્છામૃત્યુ અપાયાં તેની વિગતો નોંધવાની રહેશે.

(ખ) રાજ્ય સમિતિને સમયાંતરે યથાપ્રસંગે તેને લગતી જરૂરી માહિતી મોકલી આપવાની રહેશે.

(૨) રાજ્ય સમિતિ દર વર્ષના અંતે સંકલિત અહેવાલ મોકલી આપશે, જેમાં વીતેલા વર્ષમાં કુલ વેચાણ, વેપાર, વિનિમય, દલાલી થયેલાં, ત્યજી દેવાયેલાં, પરિવહન કરાયેલાં કે પ્રદર્શિત કરાયેલા પ્રાણીઓની માહિતી તથા બોર્ડને યથાપ્રસંગે જરૂરી હોય તેવી માહિતી વખતો વખત રજૂ કરશે.

**૧૩. આ નિયમો હેઠળ નોંધાયેલી પાલતુ પશુ-દુકાનના માલિકના મૃત્યુની અસર:** આ નિયમો હેઠળ નોંધાયેલી દુકાનના માલિકનું નોંધણીના સમયની સમાપ્તિ પહેલાં મૃત્યુ થવાના કિસ્સામાં, તે દુકાનના સંદર્ભે તેના માલિકના કાનૂની વારસને જે-તે પરવાનો અપાયેલો ગણાશે અને દુકાનના માલિકના મૃત્યુની તારીખથી ત્રણ મહિનાના સમયગાળાના અંત સુધી તે માન્ય ગણાશે. તે પછી જે-તે દુકાનની નોધણી માટે આ નિયમો અનુસાર એક નવી અરજી કરવાની રહેશે.

**૧૪. નોંધણી વિના પરવાનગી નહીં:** પાલતુ પ્રાણી દુકાન આ નિયમો હેઠળ રાજ્ય બોર્ડ દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર ન મેળવે ત્યાં સુધી કોઈ પણ પાલતુ પ્રાણી દુકાનને પરવાનો મળશે નહિ.

**૧૫. પશુ-પક્ષીઓની આયાત:** પાલતુ પ્રાણી દુકાનના માલિકે એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે, વિદેશી, બહારથી આવતાં પશુ-પક્ષીઓની જાતો લાવનારા લોકો આવાં પશુઓને લાવે છે તે પહેલાં ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ, સેનિટરી ઈમ્પોર્ટ પર્મિટ તથા પ્રાદેશિક કે રાજ્ય એનિમલ ક્વોરન્ટાઇન એન્ડ સર્ટિફિકેશન સર્વિસિસ એમ બંને સ્તરેથી તમામ જરૂરી મંજૂરી તથા

પરવાનાઓ મેળવ્યા છે. સાથોસાથ, તેમણે એ બાબતે પણ ખાતરી કરવાની રહેશે કે, જીવતાં પશુ-પક્ષીઓને અન્ય દેશોમાંથી લાવવામાં આવે ત્યારે તે પૂરેપૂરા કાનૂની અને યોગ્ય માર્ગે લાવવામાં આવ્યા છે.

**૧૬. પશુ-દુકાનોમાંથી મળતા મહેસૂલનું વ્યવસ્થાપન:** પાલતુ પ્રાણીઓની દુકાનોમાંથી નોંધણી તથા રિન્યૂઅલ-ફી તરીકે મળતા મહેસૂલનું વ્યવસ્થાપન રાજ્ય બોર્ડ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ તથા આ નિયમોના અમલીકરણમાં થાય છે.

**૧૭. સત્તા સોંપણી:** રાજય બોર્ડ પ્રાણી ક્રૂરતા નિવારણ મંડળી (SPCA) આ નિયમો (નિયમ ૧૧ અને ૧૨ સિવાય) હેઠલ તેની કોઈપણ સત્તાઓ અને ફરજોની સોંપણી લેખિતમાં કરશે.

## બીજી અનુસૂચિ

## [જુઓ નિયમ ૬(૩)]

## ન્યૂનતમ જગ્યાની આવશ્યકતાઓ

**1. પક્ષીઓ માટે.-**

(ક) પક્ષીઓને વિશાળ અને મોકળા પક્ષીગૃહોમાં રાખવામાં આવશે.

(ખ) પક્ષીગૃહ દરેક પક્ષી પૂરેપૂરું શરીર ફેલાવી શકે તેટલું મોટું હશે, અને તમામની પૂરેપૂરી ફેલાયેલી પાંખોને સમાવવા માટે પૂરતું પહોળું હશે, અને પક્ષીગૃહની અંદર તે સરળતાથી ઉછળ-કૂદ અને ચડ-ઉતર કરી શકશે.

(ગ) દરેક પક્ષીગૃહમાં પક્ષીને બેસવાની સુવ્યવસ્થિત એવી જગ્યા (પર્ચ)ની વ્યવસ્થા કરવામાં આવશે જયાં પક્ષીઓ કોઇ છત સાથે તેનું માથુ, અને ફરસ કે જાળી સાથે પૂછડી ટકરાયા વગર સીધા ઊભા રહી શકે, અને ચડવાના બદલે ઉડવા કે ઉછળવાનું પસંદ કરતી ચકલીઓ અને કેનરી જેવી પ્રજાતિઓ માટે પક્ષીને બેસવાની જગ્યા (પર્ચ) એવી સ્થિતિમાં હશે કે જેથી તેઓ ઉડી અને ઉછળ-કૂદ કરી શકે.

(ઘ) પક્ષીને બેસવાની જગ્યાઓ એવી વ્યૂહાત્મક હશે કે જેથી ખાદ્યવસ્તુ અને પાણીના વાસણો પક્ષીઓની અઘારથી પ્રદૂષિત ન થાય.

(ચ) એક જૂથ રહેતા કે તેવી રીતે રાખવામાં આવતા પક્ષીઓને પક્ષીગૃહમાં લાકડાની બનાવેલી પેટીમાં રાખવા આવે.

**૨. બિલાડીઓ માટે.-**

(ક) ખુલ્લી વાડાબંધ ફરસ મજબૂત સપાટી ધરાવતી હોવી જોઇએ અને ભોગવટો કરનાર તમામ મુક્ત રીતે હરીફરી અને ક્રીડા કરી શકે તે માટે પર્યાપ્ત વિશાળ હોવી જોઇએ.

(ખ) બિલાડીઓ માટે આરામ કરવાની જગ્યા થોડીક ઊંચાઇ પર હોવી જોઇએ.

(ગ) ચટાઇની વ્યવસ્થા હોવી જોઇએ.

(ઘ) વાડાની અંદર નરમ અને સ્વચ્છ રમકડાની વ્યવસ્થા હોવી જોઇએ.

(ચ) કચરા પેટી દ્વારા આવરી લેવાયેલી જગ્યાનો કુલ ક્ષેત્ર વિસ્તાર ગણતરીમાં સમાવેશ કરવામાં આવશે નહીં.

(જ) બિલાડીઓ કે તેના બચ્ચાંને એવા ખંડમાં રાખવામાં આવશે, જેથી તેને કૂતરા જેવી વિરોધી પ્રજાતિનો સામનો કરવો ન પડે.

**3. કૂતરાઓ માટે.-**

| | પ્રાણીઓની સંખ્યા | | |
|---|---|---|---|
| ક્ષેત્રફળ | નાનું | મધ્યમ | મોટું |
| (ચોરસ ફૂટ) | (1-10 પાઉન્ડ) | (11-20 પાઉન્ડ) | (21-30 પાઉન્ડ) |
| ૨૪ | ૩ | ૨ | ૧ |
| ૪૮ | ૬ | ૩ | ૨ |
| ૭૨ | ૧૦ | ૪ | ૩ |

(ક) વાડાબંધ ફરસ મજબૂત સપાટી ધરાવતી હોવી જોઇએ અને ભોગવટો કરનાર તમામ મુક્ત રીતે હરીફરી અને ક્રીડા કરી શકે તે માટે પર્યાપ્ત વિશાળ હોવી જોઇએ.

(ખ) વાડાની ઊંચાઇ એવી હોવી જોઇએ કે કૂતરો કે ગલુડિયું બહાર ન નીકળી શકે.

(ગ) ત્રીસ પાઉન્ડથી વધુ વજન ધરાવતા કૂતરાઓ માટે લઘુતમ ઊંચાઇ અને જગ્યાની જરૂરિયાતો વ્યક્તિગત ધોરણે નક્કી કરવામાં આવશે અને તે ઉપર નિર્દિષ્ટ ઊંચાઇ અને અને જગ્યા કરતા વધુ હોવી જોઇએ.

૪. સસલા માટે.-

| પ્રાણીઓની સંખ્યા | | | |
|---|---|---|---|
| ક્ષેત્રફળ (ચોરસ ફૂટ) | નાનું (૨ થી ઓછા પાઉન્ડ) | મધ્યમ (૨ - ૪ પાઉન્ડ) | મોટું (૫-૧૨ પાઉન્ડ) |
| ૫ | ૪ | ૨ | ૦ |
| ૧૦ | ૮ | ૪ | ૧ |
| ૧૫ | ૧૨ | ૬ | ૨ |

(ક) પ્રાથમિક વાડાની લઘુત્તમ ઊંચાઈ ૪૮ ઇંચ હશે.

(ખ) સસલાના પ્રાથમિક વાડાની ફરસ કયારેય વાયરવાળી જાળ, સ્ટીલ કે ધાર વાળી ન હોવી જોઈએ અને તે ટાઇલ, બોર્ડ, સારી ગુણવત્તાની લિનોલિયમ, અનટ્રીટેડ ઘાસની ચટાઈ કે ખોદવા, ચાવવા અને રમવાની વ્યવસ્થા સાથેની એક્રેલિક નોન-સ્લિપ સપાટી

(ગ) સસલાઓને એવા ખંડમાં રાખવામાં આવશે, જયાં તેને બિલાડી અને કૂતરા જેવી અન્ય વિરોધી પશુ-પ્રજાતિનો સામનો કરવો ન પડે.

**૫. ગુએના ડુક્કર**

| પ્રાણીઓની સંખ્યા | | |
|---|---|---|
| ક્ષેત્રફળ (ચોરસ ફૂટ) | બચ્ચું (૩૫૦ ગ્રામથી ઓછું) | પુખ્ત (૩૫૦ ગ્રામથી વધુ) |
| ૫ | ૫ | ૨ |
| ૧૦ | ૧૦ | ૪ |
| ૧૫ | ૧૫ | ૬ |

(ક) પ્રાથમિક વાડાની લઘુત્તમ ઊંચાઈ ૩૬ ઇંચ હશે.

(ખ) સસલાના પ્રાથમિક વાડાની ફરસ કયારેય વાયરવાળી જાળ, લોખંડ કે લાકડાના છોલની બનેલી ન હોવી જોઈએ અને તે ટાઇલ, બોર્ડ, સારી ગુણવત્તાની લિનોલિયમ, અનટ્રીટેડ ઘાસની ચટાઈ કે એક્રેલિક નોન-સ્લિપ સપાટી હોવી જોઈએ.

(ગ) ગુએના ડુક્કરને બિલાડી અને કૂતરા જેવી વિરોધી પ્રકારની પ્રાણી-પ્રજાતિ નજીક રાખવા ન જોઈએ.

**૬. હેમ્સ્ટર માટે:-**

(ક) પ્રત્યેક હેમ્સ્ટર માટે પ્રદાન કરવાનું ક્ષેત્રફળ ૧.૫ ચોરસ ફૂટથી ઓછું ન હોવું જોઈએ

(ખ) પ્રાથમિક વાડાની લઘુત્તમ ઊંચાઈ વામન કદની પ્રજાતિઓ માટે ૩૬ ઇંચ હશે. અન્ય તમામ હેમ્સ્ટર પ્રજાતિઓ માટે, પ્રાથમિક વાડાની લઘુત્તમ ઊંચાઈ ૪૮ ઇંચ હશે.

(ગ) હેમ્સ્ટર અને જેર્બિલને ટાઇલ, બોર્ડ, સારી ગુણવત્તાની લિનોલિયમ, અનટ્રીટેડ ઘાસની ચટાઈ કે એક્રેલિક નોન-સ્લિપ સપાટી ધરાવતી મજબૂત ફરસ વાળા પ્રાથમિક વાડામાં જ રાખવામાં આવશે અને હેમ્સ્ટરના પ્રાથમિક વાડાની ફરસમાં કયારેય વાયરવાળી જાળ, લોખંડ કે લાકડાના છોલની ન હોવી જોઈએ.

(ઘ) તેમને બિલાડીઓ અને કૂતરાઓ જેવી વિરોધી પ્રાણી પ્રજાતિથી તદ્દન સમીપ ન રાખવાં.

૭. મોટા ઉંદરો-કોળ માટે:-

(ક) પ્રત્યેક ઉંદર માટે પ્રદાન કરવાનું ક્ષેત્રફળ ૧.૦ ચોરસ ફૂટથી ઓછું ન હોવું જોઈએ.

(ખ) પ્રાથમિક વાડાની લઘુત્તમ ઊંચાઈ વામન કદની પ્રજાતિઓ માટે ૮ ઇંચ હશે..

(ગ) મોટા ઉંદર-કોળને ટાઇલ, બોર્ડ, સારી ગુણવત્તાની લિનોલિયમ, અનટ્રીટેડ ઘાસની ચટાઈ કે એક્રેલિક નોન-સ્લિપ સપાટી વાળા પ્રાથમિક વાડામાં જ રાખવામાં આવશે.

(ઘ) મોટા ઉંદર-કોળને ફકત જાળી વાળા પ્રાથમિક વાડામાં રાખવામાં આવશે અને તેમાં જાળી વાળી ફરસ કે લાકડાંનો છોલ વાળી ફરસ હોવી જોઈએ.

(ચ) મોટા ઉંદર-કોળને બિલાડીઓ અને કૂતરાઓ જેવી અન્ય વિરોધી પ્રાણી પ્રજાતિથી તદ્દન સમીપ ન રાખવાં.

૮. ઉંદરો માટે:

(ક) પ્રત્યેક ઉંદર માટે પ્રદાન કરવાનું ક્ષેત્રફળ ૧ ચોરસ ફૂટથી ઓછું ન હોવું જોઈએ.

(ખ) પ્રાથમિક વાડાની લઘુત્તમ ઊંચાઇ ૬ ઇંચ હશે..

(ગ) મોટા ઉંદરો (રેટ)ને ટાઇલ, બોર્ડ, સારી ગુણવત્તાની લિનોલિયમ, અનટ્રીટેડ ઘાસની ચટાઈ કે એક્રેલિક નોન-સ્લિપ સપાટી વાળા પ્રાથમિક વાડામાં જ રાખવામાં આવશે.

(ઘ) ઉંદરોને બિલાડીઓ અને કૂતરાઓ જેવી અન્ય વિરોધી પ્રાણી પ્રજાતિથી તદ્દન સમીપ ન રાખવાં.

[(ફા. નં. ૧/૧/૨૦૧૦-એડબલ્યુડી (પાર્ટ)]

મંજુ પાંડે, સંયુક્ત સચિવશ્રી